પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૫ | ૧૬ માર્ચ, ૨૦૨૧, મંગળવાર; ફાગણ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ખાનગીકરણ સામે બેન્ક કર્મીઓની હડતાળ

**નવ જુદા-જુદા બેંક યુનિયને બંધનું એલાન આપ્યું હતું : બેન્કની શાખાઓમાં નાણાં જમા કરવા, ઉપાડવા, ચેક ક્લિયરન્સ, લોન અપ્રૂવલ જેવી સેવાઓ પ્રભાવિત**

નવી દિલ્હી, તા. ૧૫

નવ જુદા-જુદા બેંક યુનિયનના એક સંગઠન ધ યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયને બેંકોના ખાનગીકરણ અને કેટલાક બેંકિંગ સુધારા વિરુદ્ધ ૧૫ અને ૧૬ માર્ચ એમ બે દિવસીય દેશવ્યાપી હડતાળની જાહેરાત કરી છે. આ હડતાળમાં ૧૦ લાખથી વધુ બેંક કર્મી તથા અધિકારી સામેલ થયા. યુએફબીયુ દ્વારા આપવામાં આવેલી હડતાળમાં બેંક યુનિયનો ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ કન્ફેડરેશન, ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોયીઝ એસોસિએશન,




નેશનલ કન્ફેડરેશન ઓફ બેંક એમ્પ્લોયીઝ, બેંક એમ્પ્લોયીઝ ફેડરેશન ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન નેશનલ બેંક એમ્પ્લોયીઝ ફેડરેશન, ઈન્ડિયન નેશનલ બેંક ઓફિસર્સ કોંગ્રેસ, નેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ બેંક ઓફિસર્સ, નેશનલ આર્ગેનાઈઝેશન ઓફ બેંક વર્કર્સના સભ્યો સામેલ થયા.આ હડતાળને કારણે બેંકો શાખાઓમાં નાણાં જમા કરવા, ઉપાડવા, ચેક ક્લિયરન્સ, લોન અપ્રૂવલ જેવી સેવાઓ પ્રભાવિત છે. જો કે, એટીએમ સેવાઓ ચાલુ રહેવાની સંભાવના છે.

# મ્યાનમારમાં સેનાના ગોળીબારમાં ૭૦નાં મોત

**મ્યાનમારમાં થઈ રહેલા પ્રદર્શનો હવે વરવું સ્વરૂપ ધારણ કરી રહ્યા છે યંગૂન વિસ્તારની એક ચાઈનિઝ ફેક્ટરીને દેખાવકારોએ સળગાવી દીધી**



નવી દિલ્હી, તા. ૧૫

મ્યાંમારમાં સત્તાપલટા બાદ સ્થિતિ ખૂબ બેકાબૂ બની રહી છે. પ્રદર્શનકારીઓએ રવિવારે યંગૂન વિસ્તારમાં આવેલી એક ચાઈનીઝ ફેક્ટરીને આગ ચાંપી દીધી હતી. ત્યાર બાદ મ્યાંમારની સેનાએ ખુલ્લેઆમ ગોળીઓ વરસાવી હતી.

ગોળીબારમાં ૭૦ પ્રદર્શનકારીઓના મોત થયા હતા અને છેલ્લા ૬ સપ્તાહથી ચાલી રહેલા પ્રદર્શનની તે સૌથી ખતરનાક એક્શન બની રહી હતી. યંગૂન ખાતે ગોળીબારની ઘટનામાં ૭૦ લોકોના મોત થયા હતા. તે સિવાય રવિવારે જ વિવિધ શહેરોમાં ૧૨ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. મ્યાંમારના એક સંગઠનના અહેવાલ પ્રમાણે અત્યાર સુધીમાં પ્રદર્શનમાં માર્યા ગયેલા લોકોનો આંકડો ૧૨૫ને પાર થઈ ચુક્યો છે. મ્યાંમારમાં પ્રદર્શનકારીઓના મોતનો આંકડો હજુ પણ ઉંચો જાય તેવી આશંકા છે કારણ કે, હજુ પણ અનેક એવી જગ્યાઓ છે જ્યાં લાશો પડેલી છે જેની કોઈએ ભાળ જ નથી લીધી. પહેલી ફેબ્રુઆરીના રોજ મ્યાંમારમાં સેનાએ સત્તાપલટો કરી દીધો હતો અને ત્યાંની ચૂંટાયેલી સરકારને સત્તાથી બેદખલ કરી દીધી હતી.

ઉપરાંત આંગ સાન સૂ કી સહિત અનેક મોટા નેતાઓને જેલમાં પૂરી દીધા હતા અને તેમનો અવાજ દબાવી દીધો હતો. ત્યાર બાદ મ્યાંમારના રસ્તાઓ પર પ્રદર્શનો જામવા લાગ્યા છે અને લોકો આંગ સાન સૂ કીને મુક્ત કરવા માંગણી કરી રહ્યા છે.

# કોરોના મહામારીની સ્થિતિ સતત વણસી રહી છે

નવી દિલ્હી, તા. ૧૫

પાછલા ઘણાં દિવસોથી



કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. હવે સ્થિતિ પાછલા વર્ષ જેટલી ખરાબ થવા લાગી છે. પાછલા એક અઠવાડિયામાં ડિસેમ્બરના મધ્ય પછી સૌથી વધી દર્દીઓ નોંધાયા છે. એક અઠવાડિયા કરતા પહેલાની સરખામણીમાં આંકડામાં ૩૩%નો વધારો થયો છે. વાયરસના કારણે મરનારાની સંખ્યામાં ૬ અઠવાડિયામાં સૌથી વધુ ૨૮%

**કોરોના દર્દીઓની સંખ્યામાં સપ્તાહમાં ૩૩ ટકાનો વધારો : આ અઠવાડિયામાં ૧.૫૬ લાખ નવા દર્દી નોંધાયા છે, જે ૧૪-૨૦ ડિસેમ્બરમાં ૧૨ અઠવાડિયાના સૌથી વધુ કેસ**

કરતા વધારો થયો છે. ટકાવારીની વાત કરીએ તો જુલાઈ પછી સૌથી વધુ છે.

આ અઠવાડિયામાં ૧.૫૬ લાખ નવા દર્દીઓ નોંધાયા છે, જે ૧૪-૨૦ ડિસેમ્બરમાં ૧૨ અઠવાડિયાના સૌથી વધુ કેસ છે. દેશમાં કોરોના મહામારીની બીજી લહેર આવવાની સાથે ચાર અઠવાડિયામાં કેસ બમણા થયા છે. રવિવારે દેશમાં ૨૬,૩૮૬ નવા કેસ નોંધાયા છે, જે ૧૯ ડિસેમ્બર પછી ૮૫ દિવસના સૌથી વધુ કેસ છે. એક અઠવાડિયામાં આવનારા કેસમાં સૌથી વધારે ઘટાડો પાછલા વર્ષે ૮-૧૪ જૂન પછી ૮-૧૪ ફેબ્રુઆરીમાં જોવા મળ્યો હતો, જ્યારે ૭૭ હજાર કરતા થોડા વધારે કેસ સામે આવ્યા હતા. આ પછી ધીરે-ધીરે કેસ વધતા જઈ રહ્યા છે. વાયરસના કારણે મૃત્યુના કેસ પણ એક અઠવાડિયામાં વધ્યા છે, પરંતુ કેસ મૃત્યુદર ઓછો છે. ૨૫-૩૧ જાન્યુઆરી વચ્ચે ૯૭૫ લોકોના મોત થયા હતા, જે બાદ આ અઠવાડિયામાં સૌથી વધુ ૮૭૬ લોકોના મોત થયા છે.

## ખ્યાતનામ ચિત્રકાર લક્ષ્મણ પૈ નુ નિધન

ખ્યાતનામ ચિત્રકાર લક્ષ્મણ પૈ નું નિધન થયુ છે. તેમણે ગોવામાં તેમના નિવાસસ્થાને ૯૫ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. લક્ષ્મણ પૈ આંતરરાષ્ટ્રીય સ્તરે વખાણાયેલા ચિત્રકાર હતા. પૈ ને પદ્મશ્રી, પદ્મ વિભૂષણ, નહેરૂ એવોર્ડ અને લલિત કલા અકાદમી એવોર્ડ જેવા અનેક પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

લક્ષ્મણ પૈ નો જન્મ ૨૧ જાન્યુઆરી, ૧૯૨૬ ના રોજ ગોવાના મડગાવમાં થયો હતો. તેઓ મુંબઈ જે.જે. આર્ટસ સ્કૂલ ઓફ આર્ટસના સ્નાતક છે. શિક્ષિત થયા ત્યારબાદ તે વધુ કલા અભ્યાસ માટે દસ વર્ષ ફ્રાન્સમાં રહ્યા હતા. ભારત સહિત વિશ્વભરમાં તેમના ચિત્રોના પ્રદર્શનો યોજવામાં આવ્યા છે.

## યશવંત સિંહાને ટીએમસી રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બનાવાયા

નવી દિલ્હી, તા. ૧૫

પશ્ચિમ બંગાળની ચૂંટણી પહેલા તૃણમૂલ કોંગ્રેસમાં જોડાયેલા ભાજપના નેતા યશવંત સિન્હાને પાર્ટીએ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષની જવાબદારી સોંપી છે. તે અંતર્ગત તેમને નેશનલ વર્કિંગ કમિટીમાં પણ સામેલ કરવામાં આવ્યા છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી શનિવારે ટીએમસીમાં સામેલ થયા હતા અને પાર્ટી પ્રમુખ મમતા બેનર્જીની ભરપૂર પ્રશંસા કરીને તેમને રિયલ ફાઈટર ગણાવ્યા હતા.

અટલ બિહારી વાજપેયીની સરકારમાં યશવંત સિન્હા નાણા અને વિદેશ મંત્રી હતા. શનિવારે કોલકાતા ખાતેના ટીએમસીના કાર્યાલયે જઈને તેઓ પાર્ટીમાં જોડાઈ ગયા હતા.

Vશાલ
SUPER MARKETની આજ
વિશ્વાસ ડીશવોશ પાઉડર
(૨.૨ કિલો)
૩૫/-રૂ.
MRP ૫૦/-
સેક્ટર-૬/કુડાસણ

# બિહારમાં ઘરમાં આગથી એક પરિવારના પાંચ લોકોનાં મોત

**આગની જાણ થતાં પોલીસ-વહીવટીતંત્રની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગ પર કાબૂ મેળવ્યો, ભીષણ આગમાં કેટલાક મકાન ઝપેટમાં આવ્યા**

કિશનગંજ, તા.૧૫

બિહારના કિશનગંજમાં આગનું તાંડવ જોવા મળ્યું. અહીં



એક મકાનમાં અચાનક આગ લાગવાના કારણે પરિવારના પાંચ સભ્યોનું મોત નીપજ્યું છે. મૃતકોમાં ચાર બાળકો પણ સામેલ છે. સમગ્ર મામલો સલામ કોલોની વિસ્તારનો છે. બનાવની જાણ થતાં જ પોલીસ અને વહીવટી તંત્રની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી શરૂ કરાઈ હતી. મળતી માહિતી પ્રમાણે ફાયર બ્રિગેડે ટૂંક સમયમાં ઘટનાસ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી. આગ એટલી ભયંકર હતી કે તેને જોઈને આસપાસના કેટલાક મકાનો પણ તેની ઝપેટમાં આવી ગયા હતા. આગની આ ઘટના કેવી રીતે બની તે અંગે હજી સુધી કંઈ સ્પષ્ટ થઈ શક્યું નથી. જો કે આ આઘાતજનક ઘટના બાદ વિસ્તારમાં માતમ માહોલ જોવા મળી રહ્યો છે. ચાર બાળકો સહિત એક જ કુટુંબના ૫ લોકોનાં મોતને લીધે દરેકને આઘાત લાગ્યો છે. ઘટના કેવી રીતે બની તે અંગે કોઈ સમજી શકતું નથી. મળતી માહિતી મુજબ આગની આ ઘટનામાં અન્ય એક વ્યક્તિના દાઝી જવાના સમાચાર પણ છે. તેમને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આગની જાણ થતાં જ પોલીસ અને વહીવટીતંત્રની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો.

# પેટ્રોલ-ડીઝલને GST હેઠળ લાવવાનો કોઈ પ્રસ્તાવ નથી

**પેટ્રોલની કિંમતો ઘટવાની આશા પર સરકારે પાણી ફેરવ્યું : પેટ્રોલ અને ડીઝલ ઓલ ટાઇમ હાઇ પર પહોચ્યું છે ત્યારે તેને જીએસટી હેઠળ લાવવાની માંગ ઉઠી રહી છે**

નવી દિલ્હી, તા. ૧૫

પેટ્રોલ, ડીઝલ, એટીએફ, એલપીજીની કિંમતો ઘટશે તેવી આશા રાખી રહેલા લોકોને મોટો ઝટકો લાગશે, નાણા પ્રધાન નિર્મલા સીતારમણે સોમવારે કહ્યું કે જીએસટી હેઠળ ક્રુડ ઓઈલ, પેટ્રોલ, ડીઝલ, જેટ ઈંધણ (એટીએફ) અને કુદરતી ગેસ લાવવાનો કોઈ પ્રસ્તાવ નથી, અત્રે ઉલ્લેખનિય છે કે ઘણા નિષ્ણાતોનાં જણાવ્યા મુજબ પેટ્રોલ-ડીઝલ જીએસટીની મર્યાદામાં આવે તો ભાવ ખુબ જ ઘટી જાય.

અત્રે ઉલ્લેખનિય છે કે ૧ જુલાઈ ૨૦૧૭નાં દિવસે જ્યારે જીએસટી લાગુ કરવામાં આવ્યું હતું, ત્યારે પણ ક્રુડ ઓઈલ, કુદરતી ગેસ, પેટ્રોલ, ડીઝલ અને વિમાનન ટર્બાઈન ફ્યુઅલને જીએસટીની મર્યાદામાંથી બહાર રાખવામાં આવ્યું હતું, કેન્દ્ર સરકારે તેના પર એક્સાઈઝ ડ્યુટી લગાવતી રહી, જ્યારે રાજ્ય સરકારો વેટ વસુલતી રહી, એક્સાઈઝ ડ્યુટીની સાથે-સાથે વેટમાં પણ વૃધ્ધી થતી ગઈ, ત્યાં જ વૈશ્વિક સ્તરે તેલની કિંમતોમાં વૃધ્ધીએ પેટ્રોલ અને ડીઝલને ઓલ ટાઈમ હાઈ પર પહોંચાડી દીધું છે, આ જ કારણ છે કે તેને જીએસટી હેઠળ લાવવાની માંગ ઉઠી રહી છે.

## અમિતાભ બચ્ચને બીજી આંખની પણ સર્જરી કરાવી

નવી દિલ્હી, તા. ૧૫

સુપર સ્ટાર અમિતાભ બચ્ચને ગયા મહિને પોતાની આંખની સર્જરી કરાવી હતી.એ પછી હવે તેમની બીજી આઁખની પણ સર્જરી થઈ હોવાનુ જાણવા મળ્યુ છે. અમિતાભ બચ્ચને સોશિયલ મીડિયા પર જાણકારી આપતા કહ્યુ હતુ કે, બીજી આંખની સર્જરી પણ પૂરી થઈ ગઈ છે અને હું હવે રિકવર થઈ રહ્યો છું.બધુ બરાબર ચાલી રહ્યુ છે.મારા માટે આ જીવન બદલી નાંખનારો અનુભવ હતો.

NOT FOR DISTRIBUTION OUTSIDE INDIA




TRUSTED MEMBER OF THE FAMILY CALLED INDIA

- ONE OF THE LARGEST JEWELLERY COMPANIES IN INDIA (AS PER TECHNOPAK REPORT MARCH 31ST 2020)
- 137 OUTLETS IN 5 COUNTRIES*
- ACROSS 21 STATES IN INDIA AND 4 COUNTRIES IN THE MIDDLE EAST*

TRUSTED JEWELLER

The Brand has been built on the core values of Trust and Transparency.

- Pioneered in introducing BIS hallmarked Gold to ensure purity.
- Pioneered in introducing RATE TAG to ensure clarity in pricing.
- Free Lifetime Maintenance for all our ornaments.
- Exchange and buy back terms, specified and applicable across the showroom network.
- Transparency in Old Gold exchange system.

NEIGHBOURHOOD JEWELLER

Serves as a neighbourhood jeweller with the help of "MY KALYAN" service centres that serve as satellite locations in a wide radius around most of our showrooms.

- **766** My Kalyan centres across Urban, Semi Urban & Rural India*.
- **2699** My Kalyan employees*.
- My Kalyan Revenue Contribution: **20.82%** in the nine months ended December 31, 2020.
- My Kalyan Scheme Contribution: **36.02%** in the nine months ended December 31, 2020.
- Endeavour to touch base **1 Crore** potential customers every year.

*AS OF DECEMBER 31, 2020

HYPER LOCAL JEWELLER

A Pan India hyper local Brand with presence across 21 states in India*.

- Localization of our product portfolio.
- Localization in Brand Communication & Marketing Strategy.
- Localization experience in shopping.
- Localization through My Kalyan network.

REAL DIFFERENTIATOR

OUR VISIONARY PROMOTERS WITH STRONG LEADERSHIP AND A DEMONSTRATED TRACK RECORD SUPPORTED BY A HIGHLY EXPERIENCED AND ACCOMPLISHED SENIOR MANAGEMENT TEAM AND BOARD OF DIRECTORS IS OUR DIFFERENTIATOR.

WWW.KALYANJEWELLERS.NET | FOLLOW US ON

"Disclaimer:
"Kalyan Jewellers India Limited is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, an initial public offering of its equity shares and has filed a red herring prospectus dated March 09, 2021 ("RHP") with the Registrar of Companies, Ernakulam. The RHP is available on the websites of BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com respectively, SEBI at www.sebi.gov.in, and Axis Capital Limited, Citigroup Global Markets India Private Limited, ICICI Securities Limited, SBI Capital Markets Limited and BOB Capital Markets Limited at www.axiscapital.co.in, www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm, www.icicisecurities.com, www.sbicaps.com and www.bobcaps.in, respectively. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details refer to the RHP, including the section titled "Risk Factors".
The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be offered or sold, and bids may not be made by persons in any such jurisdiction, except in compliance with the applicable laws of such jurisdiction. The Equity Shares have not been and will not be registered under the US Securities Act of 1933 ("U.S. Securities Act") or any state securities laws in the United States and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and in accordance with any applicable United States state securities laws.